
# આજે છત્તીસગઢમાં બીજા તબક્કાનું મતદાન

રાયપુર,તા. ૧૮

છત્તીસગઢમાં આવતીકાલે મંગળવારે બીજા અને અંતિમ તબક્કા માટે મતદાન યોજાનાર છે. જેની તમામ તૈયારી કરી લેવામાં આવી છે. ચૂંટણી વેળા કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તેની ખાતરી કરવા ચૂંટણી પંચે તમામ પગલા લીધા છે. આવતીકાલે બીજા તબક્કામાં ૭૫ મહિલાઓ સહિત કુલ ૮૪૩ ઉમેદવારો તેમના ભાગ્ય અજમાવી રહ્યા છે. બીજા તબક્કામાં કુલ એક કરોડ ૩૯ લાખ ૭૫ હજાર મતદારો તેમના ભાગ્યનો ફેંસલો કરવા ઉત્સુક દેખાઈ રહ્યા છે. બીજા તબક્કામાં ૧૮૦૧૫ મતદાન મથકો સ્થાપિત કરવામાં આવ્યા છે જે પૈકી ૪૫૯૪ સંવેદનશીલ મથકો છે જ્યારે ૧૩૯૮ અતિ સંવેદનશીલ મતદાન મથકો છે. ૨૦૯૫૭ બેલેટ યુનિટ રાખવામાં આવ્યા છે. મતદારોની વાત કરવામાં આવે તો પુરુષ મતદારોની સંખ્યા ૭૧૩૯૬૩૧ છે જ્યારે મહિલા મતદારોની સંખ્યા ૬૮૩૦૧૭૯ છે. કેટલાક મોટા માથાઓના ભાવિનો ફેંસલો થનાર છે જેમાં ગૃહપ્રધાન નાનકીરામ કંવર, સ્કૂલ શિક્ષણપ્રધાન બ્રિજમોહન અગ્રવાલ, આવાસ અને પર્યાવરણ પ્રધાન રાજેશ મુનાત, જળસંશાધન પ્રધાન રામવિચાર નેતમનો સમાવેશ થાય છે. અજિત જોગીના પત્ની રેણુકા પણ મેદાનમાં છે. મતદાન સવારે આઠ વાગ્યે શરૂ થશે જે સાંજે પાંચ વાગ્યા સુધી ચાલશે. પ્રથમ તબક્કામાં ઉંચુ મતદાન થયા બાદ બીજા તબક્કામાં પણ ઉંચા મતદાનની ખાતરી કરવા ચૂંટણી પંચે કમર કસી લીધી છે. બીજા તબક્કામાં જે ક્ષેત્રોમાં



મતદાન થનાર છે તેમાં નવ અનુસુચિત જાતિની અને ૧૭ સીટ અનુસુચિત જનજાતિની છે. અત્રે ઉલ્લેખનીય છે કે ૯૦ સભ્યોની રાજ્ય વિધાનસસભાની ચૂંટણીના પ્રથમ તબક્કામાં કુલ ૧૮ બેઠકો માટે ૧૧મી નવેમ્બરના દિવસે મતદાન થયું હતું. પ્રથમ તબક્કામાં કુલ ૧૪૩ ઉમેદવારોના ભાવિ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનમાં સીલ થઈ ગયા હતા. પ્રથમ તબક્કામાં કુલ ૧૦ મહિલા ઉમેદવારો પણ મેદાનમાં હતી. અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૦૮માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં કુલ ૯૪ મહિલા ઉમેદવારો મેદાનમાં હતી. જેમાંથી માત્ર ૧૧ મહિલાઓજ ચૂંટણીમાં જીત મેળવી શકી હતી.જ્યારે વર્ષ ૨૦૦૩માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં કુલ ૬૨ મહિલાઓ ચૂંટણી મેદાનમાં હતી. જે પૈકી માત્ર પાંચની જીત થઈ હતી. આ વખતે ભાજપ અને કોંગ્રેસે ચૂંટણી પ્રચાર વેળા તેમની તમામ તાકાત લગાવી દીધી હતી. ભાજપ તરફથી ગુજરાતના મુખ્યપ્રધાન અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી સહિતના વરિષ્ઠ નેતાઓએ તમામ તાકાત લગાવી હતી. જ્યારે કોંગ્રેસ તરફથી કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધી સહિતના નેતાઓએ મતદારોને પ્રભાવિત કરવાના તમામ પ્રયાસો કર્યા હતા. છત્તીસગઢમાં પ્રથમ તબક્કામાં ચૂંટણી વેળા હિંસાના કેટલાક બનાવો બન્યા હતા. જો કે પ્રથમ તબક્કામાં ચૂંટણી માઓવાદીગ્રસ્ત વિસ્તારોમાં પણ યોજાઈ હતી.

## તેલંગાણા અંગે અરજી પર સુનાવણીનો સ્પષ્ટ ઈન્કાર

**કેબિનેટના નિર્ણયને પડકારતી અરજી ઉપર સુનાવણી કરવા સુપ્રીમના ઇન્કારથી ચર્ચા**

નવી દિલ્હી, તા. ૧૮

આંધ્રપ્રદેશના વિભાજન મારફતે અલગ તેલંગાણા રાજ્યની રચના કરવાના કેન્દ્રિય કેબિનેટના નિર્ણયને પડકાર ફેંકીને દાખલ કરવામાં આવેલી જાહેરહિતની અરજી પર સુનાવણી કરવાનો સુપ્રીમ કોર્ટે આજે સાફ ઈન્કાર કર્યો હતો. જસ્ટિસ એચએલ દત્તુ અને જસ્ટિસ મદન બી લાકુરની બનેલી સુપ્રીમ કોર્ટની બેંચે કહ્યુ હતુ કે અમે આ અરજી પર સુનાવણી કરીશું નહીં પરંતુ અમે સ્પષ્ટતા કરવા માંગીએ છીએ કે અરજીમાં ઉઠાવવામાં આવેલા કાયદાકીય પ્રશ્નો પર યોગ્ય લેખીત અરજીમાં યોગ્ય મંચ પર દલીલો થઈ શકે છે. સુનાવણી વેળા જસ્ટિસ દત્તુએ અરજીદારોની બેંચને કહ્યુ હતુકે આ માત્ર કેબિનેટ નિર્ણય છે. અરજી પ્રિમેચ્યોર્ડ છે. અરજીદારે વધુ નક્કર પાસાઓ રજુ કરીને દલીલો કરવી જોઈએ. અત્રે નોંધનીય છેકે તેલંગાણા રાજ્યની રચના કરવાના નિર્ણય બાદથી ભારે હોબાળો મચેલો છે. તેલંગાણા રાજ્યની રચનાને લઈને વિરોધ પણ થઈ રહ્યો છે જ્યારે કેટલાક લોકો આંધ્રપ્રદેશના વિભાજનની ઈચ્છા રાખી રહ્યા નથી. આંધ્રપ્રદેશમાં જોરદાર વિરોધ પ્રદર્શન પણ આને લઈને થઈ ચુક્યો છે. વ્યાપક હિંસાના કારણે તેલંગાણા મામલો હાલ અટવાયેલો છે. કેબિનેટ દ્વારા નિર્ણય કરાયા બાદ હવે સંસદના શિયાળુ સત્રમાં પણ આ મુદ્દો ઉઠાવાશે.

## આ વર્ષની ચાર ધામની યાત્રાનો અંત

દહેરાદુન,તા. ૧૮

વિશ્વ પ્રસિદ્ધ બદ્રીનાથ ધામના પ્રવેશદ્વારા આજે વિધિવત રીતે બંધ કરી દેવામાં આવ્યા હતા. શ્રદ્ધાળુઓ માટે પ્રવેશદ્વાર બંધ કરી દેવામાં આવ્યા બાદ લોકો હવે બદ્રીનાથના દર્શન કરી શકશે નહી. બદ્રીનાથના દ્વાર શ્રદ્ધાળુઓ માટે બંધ કરી દેવામાં આવતા આ વર્ષની ચાર ધામની યાત્રાનો પણ અંત આવ્યો હતો. વર્ષમાં છ મહિના સુધી ચારધામની યાત્રા ચાલે છે. પરંતુ આ વર્ષે જુન મહિનામાં ઉત્તરાખંડમાં કુદરતી હોનારતના કારણે ત્રણ મહિના સુધી ચારધામની યાત્રાને મોકુફ રાખવામાં આવી હતી. જેથી છેલ્લા કેટલાક વર્ષોથી સરખામણીમાં આ વર્ષે દેશ વિદેશમાંથી આવતા શ્રદ્ધાળુઓની સંખ્યા ઓછી નોંધાઈ હતી. ચમોલી જિલ્લાની ઉંચી પહાડીમાં સ્થિત ભગવાન વિષ્ણુના મંદિર બદ્રીનાથ ધામના પ્રવેશ દ્વાર આજે બંધ કરી દેવામાં આવ્યા હતા. તીવ્ર ઠંડી અને કેટલાક વિસ્તારોંમાં અહીં ભારે



હિમવર્ષા પણ થાય છે. ગઢવાલ હિમાલયના ચાર ધામ તરીકે લોકપ્રિય અન્ય ધામ કેદારનાથ, ગંગોત્રી અને યમુનોત્રીના પ્રવેશ દ્વારા પહેલાથી બંધ કરી દેવામાં આવ્યા છે. રુદ્રપ્રયાગ જિલ્લામાં સ્થિત કેદારનાથ મંદિર અને ઉત્તરકાશી જિલ્લામાં સ્થિત યમનોત્રીના પ્રવેશદ્વારા દિવાળીના બે દિવસ બાદ બંધ કરવામાં આવ્યા હતા. જ્યારે ઉત્તરકાશીમાં જ સ્થિત ગંગોત્રી મંદિરના પ્રવેશદ્વારા દિવાળીના એક દિવસ બાદ અન્નકુટ પર્વ પર બંધ કરી દેવામાં આવ્યા હતા. ઠંડીના દિવસોમાં અહીં ભારે બરફ પડે છે. હવે ચાર ધામની યાત્રા આગામી વર્ષે એપ્રિલ-મે મહિનામાં શરૂ કરવામાં આવશે. છ મહિનાના ગાળા દરમિયાન ચારધામની યાત્રા પર લાખો શ્રદ્ધાળુઓપહોંચે છે. જો કે આ વર્ષે કુદરતી હોનારતના કારણે ભારે તકલીફ પડી હતી. બદ્રીનાથ કેદારનાથ મંદિર સમિતીના સુત્રોએ કહ્યું છે કે આ વર્ષે પાંચ લાખ લોકો બદ્રીનાથ પહોંચ્યા હતા. જ્યારે ગયા વર્ષે સંખ્યા ૯.૮૬ લાખ હતી. આવી જ રીતે કેદારનાથમાં પણ પાંચ ઓક્ટોબરના દિવસે પ્રવેશ દ્વારા બંધ થતા પહેલા ૩.૧૨ લાખ લોકો પહોંચ્યા હતા જે ગયા વર્ષે ૫.૭૩ લાખ હતા. આવી જ રીતે યમનોત્રી પહોંચનાર લોકોની સંખ્યા ૨.૩૨ લાખ હતી તેમજ ગંગોત્રી પહોંચનારની સંખ્યા ૨.૦૮ લાખ રહી છે. છેલ્લા એક દશકમાં પ્રથમ વખત સૌથી ઓછા લોકો પહોંચ્યા હતા. ગંગોત્રી મંદિર સમિતીના સચિવ સુરેશ સેમવાલે પણ આ અંગેની કબુલાત કરી છે.

## એર ટ્રાફિકમાં ઓક્ટોબરમાં ૧૦ ટકાનો નોંધપાત્ર વધારો


નવી દિલ્હી, તા.૧૮

**સ્થાનિક વિમાની યાત્રા કરનાર લોકોની સંખ્યામાં ઉલ્લેખનીય વધારો થતા એરલાઈન્સમાં ખુશીનું મોજુ ફરી વળ્યુ છે. ઓક્ટોબર મહિનામાં સ્થાનિક એર ટ્રાફિકમાં આશરે ૧૦ ટકાનો વધારો નોંધાયો છે. સપ્ટેમ્બર મહિનાની સરખામણીમાં ઓક્ટોબર મહિનામાં સ્થિતિ ખૂબજ સાનુકૂળ રહી છે. લોકોસ્ટ કેરિયર ઇન્ડિગોએ દાવો કર્યો છે. કે ઓક્ટોબર મહિનામાં કુલ પ્રવાસીઓ પૈકીના એક તૃતિયાંસ પ્રવાસીઓ તેની ફ્લાઈટમાં મુસાફરી કરી ચુક્યા છે. જાન્યુઆરી અને ઓક્ટોબર વચ્ચેના ગાળામાં આ વર્ષે મુસાફરી કરનાર યાત્રીઓની સંખ્યા ૫૦૭.૦૨ લાખ રહી છે જે વર્ષ ૨૦૧૨માં ૪૮૩.૯૫ લાખ હતી. આનો મતલબ એ થયો કે તેમાં ૪.૪૭ ટકાનો વધારો થયો છે. આંકડા દર્શાવે છે કે સાથે મળીને તમામ એરલાઈન્સોએ ઓક્ટોબર મહિનામાં ૫૦.૦૮ લાખ યાત્રીઓને તેમના નિર્ધારિત સ્થળોએ પહોંચાડ્યા છે આની સંખ્યા સપ્ટેમ્બરમાં ૪૫.૫૫ લાખ હતી. તેમાં ૯.૯ ટકાનો વધારો થયો છે. માર્કેટ હિસ્સેદારીની વાત કરવામાં આવે તો ઇન્ડિગોની હિસ્સેદારી સૌથી વધુ ૩૦.૨ ટકાની નોંધાઈ છે જ્યારે જેટ એરવેજ અને જેટ લાઈટ સંયુક્તની માર્કેટ હિસ્સેદારી ૨૩.૮ ટકા અને એર ઈન્ડિયાની માર્કેટ હિસ્સેદારી ૧૮.૪ ટકા નોંધાઈ છે. એર ઈન્ડિયા માટે પણ સારા સમાચાર છે કારણ કે તેના યાત્રી લોડ ફેક્ટરમાં ઇન્ડિગો બાદ સૌથી વધુ વધારો થયો છે. ઇન્ડિગોમાં જાન્યુઆરી અને ઓક્ટોબર દરમિયાન યાત્રા કરનારની સંખ્યા ૧૪૭.૧૫ લાખ રહી છે.**

## શિરડી મંદિરમાં વીઆઈપી આરતી ફીમાં થયેલો વધારો

શિરડી,તા. ૧૮

શિરડીના વિશ્વપ્રસિદ્ધ મંદિરમાં હવે વીઆઈપી પાસની ઈચ્છા રાખનાર શ્રદ્ધાળુઓને ચારેય દરરોજની આરતીના વીઆઈપી પાસ લેવા માટે હવે વધારે ફીની ચુકવણી કરવી પડશે. એક અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે શ્રી સાંઇ બાબા સસ્થાન ટ્રસ્ટ દ્વારા સોમવારે સવારે ૪.૩૦ વાગે થતી કકડ આરતી માટે વીઆઈપી પાસ માટેની ફી વધારીને ૫૦૦ રૂપિયા કરવાનો નિર્ણય કર્યો છે. આવી જ રીતે બપોરે ૧૨ વાગે થતી મધ્યાન આરતી, સુર્યાસ્ત વેળા થતી ધુપ આરતી અને રાત્રે ૧.૩૦ વાગે



થતી સેજ આરતી માટે એક વીઆઈપી પાસ માટે ફી ૩૦૦ કરવાનો નિર્ણય કર્યો છે. શ્રી સાંઇ બાબા સંસ્થાન ટ્રસ્ટનાએક અધિકારીએ માહિતી આપતાકહ્યું છે કે સામાન્ય લાઇનમાં લાગનાર લોકો માટે આરતીની કોઇ ફી રહેશે નહી. ટ્રસ્ટે વર્ષ ૨૦૧૦માં માત્ર શનિવાર અને રવિવારના દિવસે થતી આરતી માટે ફીમાં વધારો કરવાનો નિર્ણય કર્યો હતો. પરંતુ સોમવારથી આજે ફીમાં વધારો કરવામાં આવ્યો હતો. આજે લાગુ કરવામાં આવેલી ફી સપ્તાહના સાતેય દિવસ સુધી અમલમાં રહેશે. અધિકારીઓએ કહ્યું છે કેઆરતીના વીઆઈપી પાસ ઉપરાંત શનિવાર અને રવિવારના દિવસે પ્રતિ વ્યક્તિ વીઆઈપી દર્શન માટે ફી ૧૦૦ રૂપિયા રહેશે. જેમાં કોઇ ફેરફાર કરવામાં આવ્યો નથી. સાંઇ બાબા મંદિર સંકુળમાં ભાગદોડના બનાવોને રોકવા માટે અને ભક્તોના ધસારાને રોકવાના હેતુથી નવા દૈનિક આરતી વીઆઈપી પાસ પ્રયોગના આધાર પર લાગુ કરવામાં આવી રહ્યા છે. એસએસએસટીના પદાધિકારી અજય મોરેએ કહ્યું છેકે વીઆઈપી પાસ લેનારની સંખ્યામાં ઘટાડો થશે. આ ઉપરાંત લોકોની ભીડ ઓછી થશે. જેથી ચારેય આરતી જોવાની તક વધારે લોકોને મળશે. પુજ્ય સાંઇ બાબાએ ૧૫મી ઓક્ટોબાર ૧૯૧૮ના દિવસે સમાધી લીધી હતી. ભારતના ત્રણ સૌથી અમીર મંદિરોમાં તેનો સમાવેશ કરવામાં આવે છે. પ્રતિદિન પ્રસાદ અને દાન મારફતે અહીં ૫૦ લાખની કમાણી થાય છે. મંદિરમાં દરરોજ ૬૦,૦૦૦ લોકો પહોંચે છે.

## હવે સોનિયા ગાંધીને ૧૦ કરોડની નોટિસ અપાઈ

ભોપાલ, તા.૧૮

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણને કોંગ્રેસ પ્રમુખ સોનિયાગાંધી સામે ૧૦ કરોડની બદનક્ષીની નોટિસ ફટકારી દીધી છે. આ નોટિસ મધ્યપ્રદેશના કોંગ્રેસ એકમના પ્રમુખ કાંતિલાલ ભૂરિયાને પણ ફટકારવામાં આવી છે. બદનક્ષીની નોટિસ કોંગ્રેસ પાર્ટી દ્વારા જારી કરવામાં આવેલી જાહેરાતના જવાબમાં આપવામાં આવી છે જેમાં શિવરાજસિંહ ચૌહાણના પરિવારને ભ્રષ્ટાચારી તરીકે ગણાવીને તેમની ટીકા કરવામાં આવી છે. જાહેરાતમાં જણાવાયુ છેકે ભ્રષ્ટપરિવારના સભ્યો મધ્યપ્રદેશને લૂંટી ચુકયા છે. મધ્યપ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી આડે થોડાક દિવસ રહ્યા છે ત્યારે કોંગ્રેસે ભ્રષ્ટાચાર મુદ્દે ચૌહાણ અને તેમના પરિવાર પર પ્રહારો વધારે તીવ્ર બનાવી દીધા છે. વિકાસના મુદ્દા પર જાહેરાતમાં ચૌહાણની ટિકા કરવામાં આવી છે અને જણાવવામાં આવ્યુ છે કે તેઓ માત્ર મોટા મોટા દાવાઓ જ કરી રહ્યા છે.

## ભારતીય વેબસાઈટ ઉપર સાઈબર હુમલામાં વધારો

નવી દિલ્હી,તા. ૧૮

ભારતમાં સાઇબર હુમલાને રોકવાની દિશામાં અનેક પગલા લેવામાં આવ્યાોવા છતાં આ પ્રકારના હુમલામાં વધારો થયો છે. જે ચિંતા ઉપજાવે છે. વર્ષ ૨૦૧૩માં સાઇબર હુમલામાં તીવ્ર વધારો થયો છે. સરકારે આ હુમલાને રોકવા માટે સાઇબર ડિફેન્સ સિસ્ટમ બનાવી છે છતાં તેની વધારે અસર થઇ નથી. ઇન્ડિયન કોમ્પ્યુટર ઇમરજન્સી રીસ્પોન્સ ટીમ દ્વારા તૈયાર કરવામાં આવેલા ગુપ્ત અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ઓગષ્ટ ૪૧૯૧ ભારતીય વેબસાઇટ બેક કરવામાં આવી હતી. જ્યારે જુલાઇમાં ૨૩૮૦ સાઇટ હેક કરવામાં આવી હતી. મે મહિનામાં ૧૮૦૮ વેબસાઇટ હેક કરવામાં આવી હતી. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે જાહેર અને ખાનગી બન્ને કંપનીઓ સાઇબર હુમલાનો શિકાર થઇ છે. જો કે ખાનગી કંપનીઓ વધારે શિકાર થઇ છે. સાઇબર હુમલા દેશની આંતરિક સુરક્ષાની દ્રષ્ટિએ પણ ખતરનાક છે. હેકર્સ મુખ્ય રીતે કેટલીક મોડસ ઓપરેન્ડી ધરાવે છે. જેના ભાગરૂપે તેઓ પાસવર્ડ ચોરી કરે છે. તેની જાસુસી કરી છે. સાથે સાથે એવા કોડ નાંખે છે જે ડેટા ડ્રાઇવ એપ્લિકેશન પર હુમલા કરે છે. સામાન્ય રીતે તમામ ટેકનિકનો ઉપયોગ માહિતી મેળવવા માટે કરવામાં આવે છે.કોમર્શિયલ સાઇટમાં ઔધોગિક વિસ્તારોની જાસુસી કરવામાં આવે છે જે ખુબ ખરતનાક રહે છે. ગંભીર અને સંવેદનશીલ માળખા પર હુમલા થવાથી રાષ્ટ્રીય સુરક્ષા સામે ખતરો ઉભો થઇ શકે છે. વર્ષ ૨૦૧૩માં કેબિનેટે મહત્વકાંક્ષી સાઇબર સિક્યુરિટી આર્કિટેક્ચટરને લીલીઝંડી આપી હતી. પરંતુ સુત્રોએ કહ્યું છે કે આમાં વધારે પ્રગતિ થઇ નથી. અન્ય કેટલાક પગલા પણ સાઇબર હુમલાને રોકવા માટે લેવામાં આવ્યા છે.


## સમાચાર ઝલક

- ♥ પી.એફ.થાપણ પર ૮.૫ % વ્યાજ ચુકવાય તેવી શક્યતા.
- ♥ દેશમાં આતંક માટે તૈયાર થઇ રહી છે યુવાનોની ફોજ.
- ♥ સહકારી મંડળીની ચૂંટણી દર ત્રણના બદલે પાંચ વર્ષે થશે.
- ♥ ઇન્ટરનેટ યુઝર્સ બાબતે ભારત અમેરીકાના પાછળ છોડી દેશે.
- ♥ રેલ્વે દેશનાં પાંચ - દિલ્હીના બે, ચંડીગઢ, શિવાજીનગર અને હબીબગંજ રેલ્વે સ્ટેશનોને આધુનિક બનાવશે.
- ♥ અમદાવાદમાં છેલ્લા વર્ષ દરમિયાન ૧૭૮ લોકોનાં માર્ગ અકસ્માતમાં મોત નીપજ્યા.
- ♥ ઘઉંના બિયારણની અછતથી ખેડૂતો ચિંતાતુર.
- ♥ ભાવનગરમાં પોલીસ અધિકારીને શુરાતન ચઢ્યુ, જજને લાફો માર્યો.
- ♥ માલદીવના નવા પ્રમુખ તરીકે યામીન પદારૂઢ.
- ♥ ડાંગ જિલ્લામાં વિકાસના નામે રૂપિયા ૩ કરોડનું કૌભાંડ.
- ♥ નાણાંકીય અભાવે સૂરતમાં પરિવર્તન પાર્ટી ચૂંટણી લડશે નહીં.
- ♥ રાવલપિંડીમાં તોફાનો ફાટી નીકળતા ૮ વ્યક્તિઓનાં મોત, કાપડ બજાર સળગાવી દીધું.
- ♥ ૬ કરોડની છેતરપિંડીના કેસમાં મેહુલકુમારને ૧૪ દિવસની સજા.
- ♥ હોલીવુડ ફિલ્મ 'અમેરીકન ગાંધી' અમેરિકામાં ગુજરાતીઓનો ડંકો વાગશે.
- ♥ રશિયામાં પ્લેન ક્રેશ, ૪૪ યાત્રિકોનો મોત.
- ♥ ઓઢવમાં તસ્કરો એ.ટી.એમ. ઉઠાવી ગયા.
- ♥ સૌરાષ્ટ્ર કચ્છમાં ઠંડી વધી, નલિયા થ્રીજ્યું.
- ♥ દિલ્હીમાં કોલ્ડ્રીંક પીવડાવી મહિલા સાથે દુષ્કર્મ.
- ♥ કરચોરોને નાણાપ્રધાન ચિદમ્બરમ્‌નો આકરો સંદેશ - તાકીદે ટેક્સ ચુકવો.
- ♥ તલગાજરડામાં આજે સંતવાણી એવોર્ડ અર્પણ થશે.
- ♥ સોમનાથમાં કાર્તિકી પૂનમનાં મેળામાં શ્રદ્ધાળુઓનો સાગર ઘુઘવાયો.
- ♥ ગ્રંથ અને કથાઓ દરેકના જીવનને સ્પર્શે છે : પૂ. મોરારિ બાપુ

## રશિયામાં બોઈંગ વિમાન દુર્ઘટનાગ્રસ્ત : ૫૦ મોત

મોસ્કો,તા. ૧૮

રશિયામાં આજે મોટી વિમાન દુર્ઘટના થતા વિમાનમાં મુસાફરી કરી રહેલા તમામ ૫૦ લોકોના મોત થયા હતા. રશિયાની એક સ્થાનિક કંપનીના બોઈંગ-૭૩૭ વિમાનને દુર્ઘટના નડી છે તેવા સમાચાર ફેલાતાની સાથે જ આ વિમાનના મુસાફરી કરી રહેલા લોકોના સગા સંબંધી વિમાનીમથકે પહોંચી ગયા હતા અને ભારે અંધાધુંધી સર્જાઇ હતી. ઈમરજન્સી મામલાના મંત્રાલય



દ્વારા માહિતી આપવામાં આવી છે કે વિમાનમાં રહેલા તમામ ૪૪ યાત્રીઓ અને ક્રુના મોત થયા છે. વિમાનમાં કુલ છ ક્રુ મેમ્બરો હતા. તેમણે એમ પણ કહ્યું હતું કે વિમાનના યાત્રીઓમાં કોઈને બચાવી લેવામાં સફળતા મળી નથી. આ અગાઉ અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે મોસ્કોના દોમોદેદોવી વિમાનીમથકથી આવી રહેલુ વિમાન વોલ્ગા શહેરના કજાન વિમાનીમથક પર સ્થાનિક સમય મુજબ ૭.૨૫ વાગે દુર્ઘટનાગ્રસ્ત થયુ છે. આમાં તમામ ૪૪ યાત્રીની મોત થઈ ગયા છે. તપાસ સંસ્થાઓએ કહ્યું છે કે બનાવ પહેલા વિમાને ત્રણ વખત ઉતરાણ કરવાના પ્રયાસો કર્યા હતા.કજાન શહેરમાં ઉતરાણ કરતી વેળા આ વિમાન તુટી પડ્યું હતું. વિમાનમાં આગ ફાટી નિકળી હતી. તાજેતરના સમયની રશિયાની આ સૌથી મોટી વિમાન દુર્ઘટના તરીકે ગણવામાં આવે છે. બોઈંગ ૭૩૭ તાતારસ્તાન એરલાઇન્સનુ હતુ. માસ્કોથી ઉડાંણ ભર્યાના એક કલાક બાદ વિમાન તુટી પડ્યું હતું. વિમાનમાં આગ લાગતા તમામ યાત્રી ભડથુ થઈ ગયા હતા. કજાન શહેરમાં આશરે ૧.૧ મિલિયન લોકો રહે છે. તે માસ્કોથી ૭૨૦ કિલોમીટર પૂર્વે સ્થિત છે. છેલ્લે ડિસેમ્બરમાં રશિયન બનાવટનુ વિમાન ટુપોલેવ તુટી પડ્યું હતું. જેમાં પાંચ લોકોના મોત થયા હતા. વર્ષ ૨૦૧૧માં યારોસ્લાવલમાં વિમાન તુટી પડતા ૪૪ લોકોના મોત થયા હતા.

## કોમી હિંસા : કેન્દ્ર અને યુપી સરકારને સુપ્રીમની નોટિસ

નવી દિલ્હી, તા.૧૮

**મુજફ્ફરનગરમાં સાંપ્રદાયિક હિંસાના મામલામાં તપાસને રાજ્યપોલીસ પાસેથી લઈને સ્વતંત્ર સંસ્થાને સોંપી દેવાની માંગ કરતી અરજી પર સુપ્રીમ કોર્ટે આજે કેન્દ્ર સરકાર અને ઉત્તરપ્રદેશ સરકારને નોટિસ ફટકારી હતી. ચીફ જસ્ટિસ પી સથાશિવમના નેતૃત્વમાં બેંચે તેનો જવાબ રજુ કરવા સરકારને આદેશ કર્યો હતો સાથે સાથે આ મામલામાં સુનાવણી ૨૧મી નવેમ્બર સુધી મોકુફ કરી દીધી હતી. કોર્ટે જાટ મહાસભા દ્વારા રજુ કરવામાં આવેલી જાહેર હીતની અરજી પર સુનાવણી ચલાવતીવેળા આ મુજબનો આદેશ આપ્યો હતો. મેરઠની જાટ મહાસભાએ મેરઠ સાંપ્રદાયિક હિંસામાં તપાસ ઉત્તરપ્રદેશ પોલીસ પાસેથી લઈને સ્વતંત્ર સંસ્થાને સોંપવાની માંગ કરી હતી. ઉત્તરપ્રદેશ પોલીસ દ્વારા કરવામાં આવી રહેલી તપાસ સામે પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા. બેંચે કહ્યુ હતુ કે મુજફ્ફરનગર હિંસાના સંબંધમાં દાખલ કરવામાં આવેલી અન્ય તમામ અરજીઓ પર સુનાવણી ચલાવતીવેળા તેઓ આ મુજબનો આદેશ આપશે. સુપ્રીમ કોર્ટ કોમવાદી હિંસા સાથે સંબંધિત જુદી જુદી અરજીઓ પર સુનાવણી ચલાવી રહી છે જે મુજફ્ફરનગર અને આસપાસના વિસ્તારોમાં ભડકી ઉઠી હતી. પશ્ચિમી ઉત્તરપ્રદેશના જુદા જુદા વિસ્તારોમાં થયેલી હિંસામાં મોટી સંખ્યામાં લોકોના મોત થયા હતા. આ હિંસામાં ૬૧ લોકોના મોત થઈ ગયા હતા. અગાઉ રાજ્ય સરકારે સુપ્રીમ કોર્ટ સમક્ષ માહિતી આપી હતી કે ૪૧૦૦૦ જેટલા લોકો ૫૮ રાહત કેમ્પોમાં રહે છે. જો કે ઘણા લોકો પોતાના નિવાસમાં પાછા જતા રહ્યા છે. જો કે ૧૦ જેટલા ઓપરેશનલ કેમ્પમાં ૧૦૦૦૦ લોકો હજુ રહે છે. મુજફ્ફરનગરની સાંપ્રદાયિક હિંસામાં ઘણા લોકો સામે કેસ દાખલ કરાયો હતો. આ રમખાણો દરમિયાન હત્યા અને સંપત્તિ સળગાવી દેવાના મામલામાં હજુ સુધી ૮૮ લોકોની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે આ સંબંધમાં હત્યાના ૫૨, સંપત્તિ સળગાવવાના ૫૯ મામલા દાખલ કર્યા છે. આમાં ૧૧૬ લોકોને આરોપી બનાવવામાં આવ્યા છે. જે વિસ્તારમાં હિંસા ભડકી ઉઠી હતી તેમાં મુજફ્ફરનગર, સામલી, બાગપત, સહારનપુર અને મેરઠનો સમાવેશ થાય છે.**

## છતીસગઢ : કોંગી ઉમેદવાર પાસે કુલ ૫૬૧ કરોડ સંપત્તિ

નવી દિલ્હી,તા. ૧૮

છતીસગઢમાં આવતીકાલે બીજા તબક્કા માટે મતદાન યોજાનાર છે. બીજા તબક્કામાં જીત મેળવવા માટે ઉમેદવારો વચ્ચે વધારે ટક્કર છે. છત્તીસગઢમાં સૌથી અમીર ઉમેદવાર કોંગ્રેસના ત્રિભુનેશ્વર શરણસિંહ દેવ છે. જે અંબિકાપુરમાંથી ચૂંટણી લડી રહ્યા છે. વર્તમાન ધારાસભ્ય દેવ ચૂંટણી મેદાનમાં ઉતરેલા ત્રણ સૌથી અમીર ઉમેદવારો પૈકી એક છે. તેમની સંપત્તિ સૌથી વધારે છે. તેમની સંપત્તિ ૫૬૧.૫૦ કરોડ આંકવામાં આવી છે. સરગુજા જિલ્લાના શાહી પરિવારના ઉત્તરાધિકારી ૬૧ વર્ષીય દેવ મધ્યમ, નાના વર્ગના લોકોને મળવા છેલ્લા કેટલાક દિવસથી સતત વ્યસ્ત હતા. તેમણે કહ્યું છે કે રમણસિંહ સરકારનુ વલણ હમેંશા પક્ષપાતી રહ્યું છે. તમામ યોજનામાં ઉદાસીનતાના કારણે જ મોટા ભાગની યોજના પરિપૂર્ણ થઈ શકી નથી. દેવે કહ્યું છે કે તેમની પ્રાથમિકતા અંબિકાપુર અને આસપાસના વિસ્તારોમાં વિકાસની ખાતરી કરવાનો છે. આવતીકાલે બીજા તબક્કામાં તેઓ તેમના ભાવિને અજમાવી રહ્યા છે.